**દીવાની પરચુ. અ. નં.–૨૪/૨૦૧૯**

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

આજ રોજ આ કામ દૈનિક બોર્ડમાં નીકળતાં હાથ ઉપર લઈ રેકર્ડ વંચાણે લેતા આ કામ દીવાની પરચુરણ અરજી નં.૨૪/૨૦૧૯થી કેસ રજીસ્ટરે નોંધી દાખલ થયેલ છે. આ કામનું રેકર્ડ વંચાણે લેતાં સદર કામ જાહેર નોટીસ પ્રસિધ્ધિ અંગેના પુરાવા રજુ કરવા પર ચાલ્યુ આવે છે. રેકર્ડ જોતાં આ કામે અરજદારને તા.૧૮..૪.૨૦૧૯ના રોજ આંક–પથી જાહેર નોટીસ પ્રસિધ્ધિ અર્થે જાહેર નોટીસનો હાથબીડો આપવામાં આવેલ છે ત્યારબાદ આ કામના અરજદારને વાંરવાર મુદતો આપવા છતાં અરજદાર કે અરજદારના વકીલશ્રી હાજર રહેલ નથી કે જાહેર નોટીસ પ્રસિધ્ધિ અંગેનો પુરાવો રજુ કરેલ નથી. સદર કામનું રેકર્ડ જોતાં તા.૧૦.૧૧.૨૦૨૧ના રોજ અરજદાર કે અરજદારના વકીલશ્રી હાજર રહેલ નહી કે કોઈ રજુઆત કરેલ નહી કે કોઈ રીપોર્ટ રજુ કરેલ નહી કે જાહેર નોટીસ પ્રસિધ્ધિ અંગેનો પુરાવો રજુ કરેલ નહી જેથી ન્યાયના હીતમાં મુદત આપવામાં આવેલ. આજ રોજ પણ અરજદાર કે અરજદારના વકીલશ્રી હાજર રહેલ નથી કે કોઈ રજુઆત કરેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી કે જાહેર નોટીસ પ્રસિધ્ધિ અંગેનો પુરાવો રજુ કરેલ નથી. આમ, સદર કામનું રેકર્ડ જોતાં એવુ ફલીત થાય છે કે અરજદારને તેઓની અરજી ચલાવવાનો રસ હોવાનો જણાઈ આવતુ નથી જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની અરજદારની દીવાની પરચુરણ અરજી અરજદારની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૦૧મી માહે ડીસેમ્બર સને ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**કપડવંજ**

**તા.૦૧.૧૨.૨૦૨૧**

**(એસ. આર. વકાલીયા)**
**એડીશ્નલ સીનીયર સીવીલ જજ**
**કપડવંજ**
**કોડ નં.GJ01486**